# થ્રેશરમાં ધક્કો મારતાં યુવાનના શરીરના લોચા થઈ બહાર નીકળી ગયા : આખોય પંથક ટોક ઓફ ધ ટાઉન



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના ઈન્દ્રપુરા ગામે ઘઉંના ચાલું થ્રેશરમાં ધક્કો મારતાં આરોપીએ થ્રેશરનું સુપડું ઉંચુ કરી ઈરાદા પુર્વક મરણ જનારને ધક્કો મારતાં ડાબો હાથ થ્રેશરના કટરમાં આવી જઈ ખેંચાતાં ડાબો હાથ કપાઈ ટુંકડા થઈ ગયા હતા અને છાતી અને પેટ સાથે ટકરાતાં ચીરાઈ જતાં માંસના લોચા થઈ જીવલેણ ઈજા થતાં યોગેશભાઈ મગનભાઈ બરંડા ઉં.વ. ૩૨ નું કરૂણ મોત નિપજ્યું હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

ભિલોડા પાસેના ઈન્દ્રપુરા ગામે તા.૧૩/૩/૧૫ ના રોજ રાત્રીના ૯ વાગ્યાના સુમારે મંજીભાઈ અસોડાના ખેતરમાં સંજયભાઈ નિનામાના ટ્રેક્ટર થ્રેશરથી મરણ જનાર આરોપી તેમજ મજુરો ઘઉં કાઢતા હતા અને ઘઉં કાઢવાનું કામ પુરૂ થયેલ હતું અને સ્વરાજ ટ્રેક્ટર નંબર. જી.જે.૧. એફ.ક્યુ. ૦૦૩૯ થ્રેશર ચાલું હતું તે વખતે આરોપી રૂપજીભાઈ વાલજીભાઈ બરંડા, રહે.ઈન્દ્રપુરાનાઓએ તથા મરણ જનાર યોગેશભાઈ મગનભાઈ બરંડા, રહે.ઈન્દ્રપુરા ઉં.વ. ૩૨ વચ્ચે બોલાચાલી થતાં આરોપીએ થ્રેશરનું સુપડું ઉંચું કરી ઈરાદા પુર્વક યુવકને ધક્કો મારતાં મરનારને હાથે તેમજ શરીરના છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમજ પેટ ઉપર થ્રેશરની કટર સાથે ટકરાતાં ચીરાઈ કપાઈ જતાં માંસના લોચા થઈ મૃત્યું થતાં આખોય પંથક આ કરૂણ ઘટના સર્જાતાં ધીક્કારની લાગણી પ્રસરી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એચ.પી.ઝાલા સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ધારાધોરણની કાર્યવાહી કરી ઈ.પી.કો.કલમ ૩૦૨ મુજબ ગુનો દર્જ કરી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કેર યથાવત : ૧નું મોત

(જય અમીન દ્વારા) મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફ્લુ નામની બિમારીએ જિલ્લાના પ્રજાજનોને સતત ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર કરી દીધા છે. જિલ્લામાં સ્વાઈનફ્લુના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સ્વાઈનફ્લુનો ભોગ બનેલા દર્દીઓ એક પછી એક મોતને ભેટતાં પંથકના પ્રજાજનોમાં હાહાકાર મચી ગયો છે. આજે અરવલ્લી જિલ્લાનો સાયરા ગામનો યુવાન સ્વાઈનફ્લુથી મોત નિપજતાં સાયરા ગામના પ્રજાજનો ચિંતીત બની ગયા છે. આ સાથે અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફ્લુથી મોત નિપજવાથી દર્દીઓનો આંક ૮ સુધી પહોંચી ગયો છે.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી અયોદેશપુરી સોસાયટીમાં રહેતા અને સાયરા ગામના યુવાન હેતલભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ.૩૮) ને તાવ, શરદી, ખાંસી તથા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ત્રણ દિવસ સુધી સારવાર લીધી હોવા છતાં તબીયતમાં સુધારો ન જણાતાં યુવાનના સગા-સંબંધીઓએ યુવાનના લક્ષણો સ્વાઈનફ્લુ જેવા જણાતાં



તાત્કાલિક અમદાવાદની આનંદ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાં સતત ૮ દિવસથી અદ્યતન સારવારના અંતે સ્વાઈનફ્લુથી મોત નિપજ્યું હતું. આજે સવારે ૮ વાગ્યાની આસપાસ સ્વાઈનફ્થી સાયરાના યુવાનનુ મોત નિપજતાં સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો હતો. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં સતત તાવ, શરદી, ખાંસી વાળા દર્દીઓું મોનિટરીંગ થઈ રહ્યું હોવા છતાં સ્વાઈનફ્લુના દર્દીઓમાં સતત ભયજનક રીતે વધારો થતાં અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં ભય સાથે ફફડાટ ફેલાઈ ગયો છે. શુક્રવારે બે વર્ષના મોડાસામાં રહેતા બાળકનો સ્વાઈનફ્લુ પોઝેટીવ આવતાં બાળકને અદ્યતન સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અત્યાર સુધી સ્વાઈન ફ્લુથી મોતને ભેટેલા દર્દીઓનો આંકડો ૮ સુધી પહોંચી જતા અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ સતર્ક બની જિલ્લામાં સતત મોનેટરીંગ હેઠળ જિલ્લાના પ્રજાજનોની દેખરેખ રાખી રહ્યું છે.

# મોડાસા લાયન્સ ક્લબનો સુવર્ણ જયંતિ સમારોહ કાર્યક્રમ યોજાયો

(જય અમીન), મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લા લાયન્સ ક્લબ મોડાસા દ્વારા મોડાસા શહેરમાં વિવિધ સામાજીક કાર્યક્રમો તેમજ સહાયરૂપ એવી ઉત્તર ગુજરાતની સૌપ્રથમ વિકલાંગ આઈ.ટી.આઈ. દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓને પગભર કરતી લાયન્સ ક્લબ ઓફ મોડાસાની દવે, નવજીવન સર્જીકલ હોસ્પિટલના ડૉ. ટી.બી. પટેલ તેમજ અરવલ્લી જિલ્લામાં જીવદયા પ્રેમી તરીકે જાણીતા નિલેષભાઈ જોષી તથા



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વિવિધ સેવાકીય કાર્ય કરવામાં ખુબજ નામના મેળવી છે. મોડાસા શહેર લાયન્સ ક્લબનો સુવર્ણ જયંતિ સમારોહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડાસા શહેરના નામાંકિત અને સમાજ ઉપયોગી કાર્ય કરતા વ્યક્તિઓને સન્માનવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને જરૂરીયાતમંદ લોકોની સેવા કરવા માટે તેમજ બહેરા-મૂંગા શાળા અને વિકલાંગ બાળકો માટે હંમેશા આજે સુવર્ણજયંતિ સમારોહ યોજાયો હતો. મોડાસા લાયન્સ ક્લબના સુવર્ણ જયંતિ સમારોહમાં ડીસ્ટ્રીક ગવર્નર રાકેશ પટેલ અને પહેલા લાયોનેસ શિલ્પા પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સુવર્ણ જયંતિ સમારોહમાં લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખ અને મોડાસા શહેર, સમાજ અને રાષ્ટ્રની સેવા કરનાર વ્યક્તિઓને શિલ્ડ અને સન્માનપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. જેમાં મોડાસા શહેર અને રાજસ્થાન સુધી તબીબીક્ષેત્રે જાણીતા સાર્વજનિક હોસ્પિટલના ડૉ. ડી.એમ. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં પત્રકારત્વ અને મીડીયામાં હંમેશા જરૂરીયાતવાળા લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓની વાચા આપી સદાય મદદરૂપ થનાર ભરતાઈ કડિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ પ્રવિણ પરમાર મંત્રી, ખિલન પટેલ, પરેશ પટેલ, લાયોનેસ મરીનાબેન પરીખ, બકુલા વાઘેલા, ધ્વની પટેલ, ગીરીશ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ખુબ જ મહેનત કરી હતી.

# મજરા ચોકડી પાસે રાત્રિ દરમિયાન ટ્રકના કેબીનમાં સુતેલા કંડક્ટરનું મોત

## બિમારીના કારણે મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે : ડ્રાઈવરે સવારે કંડકટરને જગાડતા ઉભો ન થતાં હોટલ માલિક તથા પ્રાંતિજ પોલીસને જાણ કરી

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે આવેલ મજરા ચોકડી પાસે આવેલ એક ઢાબા ઉપર એક ટ્રકચાલક દ્વારા રાત્રીના રોકાણ માટે ઢાબા ઉપર ટ્રક ઉભો રાખીને રાત્રી રોકાણ કર્યુ હતુ. જેમાં રાત્રી દરમ્યાન કંડકટરનું નિંદ્રામાં જ મોત થતાં પોલીસ સ્ટેશન જાણ કરતાં પ્રાંતિજ પોલીસે તપા કરી મુક્તને પીએમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનુપરથી મળતી માહિતી મુજબ મજરા ચોકડી પાસે આવેલ રાજપુરોહિત ઢાબા ઉપર રાત્રી દરમ્યાન પાર્ક કરેલ ટ્રક નં. જીજે ૨૭યુ ૨૨૪ કે જેવો મહારાષ્ટ્રથી મકાઈ ભરી પ્રાંતિજ પાસે આવેલ અંબજા ફેરકટરીમાં ખાલી કરવા જઈ રહી હતી. જ્યારે રાત્રી દરમ્યાન અહીં રોકાણ કરતાં ટ્રક કંડક્ટરનું રાત્રી દરમ્યાન વામીટ બાદ મોત નિપજ્યું હતું. જ્યારે ડ્રાઈવરે સવારે જગાડતા ના જાગતાં પહેલાં હોટલ માલિક તથા મુક્તના બનેવીને ફોન કર્યો હતો. જ્યારે કાળુસીંગ દિલીપસીંગ ચૌહાણ રહે. બડાકાવાળા તાલુકો ટાડેગઢ જી. અજમેર ઉં.વ. ૪૫નું રાત્રી દરમ્યાન મોત નિપજ્યું હતું.


જ્યારે પ્રાંતિજ પોલીસને મુક્તના બનેવી સેસુસીંગ ચૌહાણની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળ ઉપર જઈ પ્રાથમિક તપાસમાં બિમારીથી મોત થયાનું હોવાનું બહાર આવ્યું છે. જ્યારે પોલીસ દ્વારા મુક્તની બોડીને પીએમ માટે મોકલી આપવામાં આવી હતી.

# પ્રાંતિજ અવર ઓન હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાતે

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓએ તા. ૧૨-૩-૧૫ને ગુરૂવારના રોજ વિધાનસભાની મુલાકાત લીધી હતી. જેમાં બાળકો દ્વારા ટેલીવીઝન ઉપર નિહારતા વિધાનસભાની રૂબરૂમાં અને લાઈવ નિહારતા ખુશી વ્યક્ત કરી હતી

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ વિધાનસભા ખાતેનો પ્રવાસનું શાળા દ્વારા આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ વિધાનસભામાં મંત્રીઓ ધારાસભ્યોનો લાઈવ પ્રોગ્રામ નિહાળ્યો હતો. જ્યારે સદનસીબે પ્રાંતિ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ હરસોલ રોડ રોડ કે વિવિધ શાળા કોલેજો આવેલ છે અને અવરઓન હાઈસ્કૂલ પણ તેજ રોડ ઉપર આવેલ હોઈ તે રોડનો પ્રશ્નની ધારાસભ્ય દ્વારા ધારદાર રજુઆતો કરતાં શાળાના બાળકો સહિત શાળા સ્ટાફ પણ અચંબામાં પડી ગયો હતો અને શાળાએ જતા રોડનો પ્રશ્ન ઉદ્‌ભવતા વિધાનસભામાં રજુઆત થતાં જોઈ બાળકોનો આનંદનો પાર રહ્યો ન હતો.





# ગરમી મે ભી ઠંડી કા અહેસાસ

સાબરકાંઠાના પ્રાંતિજમાં આજે સાંજે ગાજવીજ અને કડાકા-ભડાકા સાથે બરફના કરા પડ્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ખેડબ્રહ્મામાં ગ્રામ સંજીવની સમિતિના સભ્યોનો વર્કશોપ યોજાયો

ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ કચેરી ખાતે ગ્રામ સંજીવની સમિતિના સભ્યશ્રીઓ તથા પદાધિકારીઓનો આરોગ્ય વિષયક વર્કશોપ યોજાયો, સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી મુળજીભાઈ પટેલ દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ. એચ.એસ. ગઢવી દ્વારા ગ્રામ સંજીવની સમિતિ શું છે તેમજ તેના કાર્યો શું છે તે અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી, તેમજ તાલુકા આઈ.ઈ.સી. ઓફિસરશ્રી રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ આરોગ્યની યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવી. તાલુકા હેલ્થ સુપરવાઈઝર શ્રી અક્ષય પંડ્યા દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

# પ્રાંતિજના વદરાડમાં યુવતી સાથે જાતિય સતામણી થતાં પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે સગીર વયની યુવતીની જાતિય સતામણી થતાં આરોપી સામે પોલીસ ફરીયાદ થઈ હતી. પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નજીક આવેલ વદરાડ ગામે એક સગીર વયની યુવતી તા. ૭-૩-૧૫ના રોજ ઘરમાં રાત્રીના સમયે એકલી સુતી હતી તે દરમ્યાન ગામનો જ યુવક આકાશસિંહ રામસિંહ કે તે યુવતીનું મોઢું દબાવી રૂમાલ બાંધી બાજુ આવેલ જગ્યાએ લઈ જઈ તેની સાથે શારીરિક અડપલા કરતાંતે દરમ્યાન કોઈ આવી જતા ત્યાંથીભાગી ગયો હતો અને આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કાળાજી કણજી મકવાણા દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે આકાશસિંહ રામસિંહ રહે. વદરાડ સામે ભારતીય આઈ.પી.સી. મુજબ કલમો લગાવી તેની શોધખોળ હાથ ધરી છે. જ્યારે આ કેસની તપાસ પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ જાતે હાથ ધરવામાં આવી છે. જ્યારે આરોપી જિલ્લા પોલીસના સકંજામાં આવી જાય અને કડકમાં કડક સજા થાય તેવું હાલ તો વદરાડ સહિત પંથકના લોકો જણાવી રહ્યા છે.

# ધનસુરા નજીક પશુ ભરેલી ટ્રક પોલીસે ઝડપી : બે આરોપીની ધરપકડ



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ, તા. ૧૪

મોડાસા નજીકના ધનસુરા બાયડ માર્ગ પરથી ધનસુરા-બાયડ માર્ગ પરથી ધનસુરા પોલીસે ગત રાત્રે ૧૬ જેટલા પશુઓ ભરી કતલખાને લઈ જવાતી ટ્રક ઝડપી પાડી હતી અને બે આરોપીની ધરપકડ કરી પોણાચાર લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ગુનો નોંધી બન્ને વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માલપુર તરફ જતા ત્રણ રસ્તા નજીક ધનસુરાથી બાયડ માર્ગ પર ગત રોજ ધનસુરા પોલીસની ટીમ વાહન ચોકીંગમાં હતી, દરમ્યાન માલપુર તરફથી આવતી જીજે-૧૮-યુ-૭૦૯૧ને રોકી તેમા તપાસ કરી હતી. જેમાં ગળે દોરડા વડે હલન-ચલન ન થાય તે રીતે ક્રૂર અને ઘાતકી રીતે ૧૬ જેટલા પશુઓ બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે ગેરકાયદેસર પશુઓને કતલખાને લઈ જતા બે આરોપી મોહમ્મદ યાકુબ મોહમ્મદ અયુબ શેખ (ઉં.વ.૪૫, રહે. વટવા, સરફરાજનગર કેનાલ પાસે અમદાવાદ) અને અબ્દુલ સતાર કાદરભાઈ શેખ (ઉં.વ. ૪૭ રહે. વટવા ઠાકોરવાસ અમદાવાદ)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે રમજાન મુલતાની અને આરીફ નાશી છુટ્યા હતા. પોલીસ આ મામલે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ સંદર્ભે પોલીસે કુલ રૂ. ૩,૯૬,૧૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ભિલોડાના વેજપુર ગામે આધેડ બિમારીથી કંટાળી ગળે ફાંસો ખાધો

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામે તા.૧૩/૩/૧૫ થી તા.૧૪/૩/૧૫ ના રોજ સવારે ૮:૦૦ ના સુમારે કોઈપણ સમય દરમ્યાન મરણજનાર વનરાજભાઈ મગનભાઈ ભગોરા, રહે.વેજપુર, ઉં.વ.૪૫નાઓએ જીવન ટુંકાવ્યું હોવાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. જેમાં હકીકત એવી છે કે મરણ પામનાર વનરાજભાઈ મગનભાઈ ભગોરા, રહે.વેજપુર, ઉં.વ.૪૫નાઓને છેલ્લા ૧૦ વર્ષથી ટીબીની બિમારી થી પીડાતો હતો. બિમારીથી કંટાળી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતાં ઘરપરીવારમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. આ બાબતે ભિલોડા પોલીસમાં મગનભાઈ રૂપજીભાઈ ભગોરાએ જાણ કરતાં ભિલોડા પોલીસે સી.આર.આર.સી. કલમ ૧૪૪ મુજબ એ.ડી.નો ગુનો દર્જ કરી ધારા ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦